**આંકઃ૦૯**

**શ્રી આઈ. જે.મકવાણા , પ્રિસાઈડીંગ ઓફીસર, મજુર અદાલત, પાલનપુર સમક્ષ**

**રેફરન્સ (એલ.સી.પી.) નં.૦૩/૨૦૧૫**

**પ્રથમ પક્ષકારઃ** **ઈસેદુ એગ્રો કેમ પ્રા. લી.,**
**પ્લોટ નં.૬૬૭,સ્ટેટ હાઈવે,૪૧**
**જગાણા, તા.પાલનપુર,જી.બનાસકાંઠા.**

**વિરુદ્દધ**

**બીજા પક્ષકારઃ** **શ્રી કનેરીયા પરસોત્તમભાઈ લક્ષ્મણભાઈ,**
**૭૧/૩,શ્રી કૈલાશનગર,**
**બેચરપુરા ફાટક બહાર,પાલનપુર,**
**જી.બનાસકાંઠા**

**પ્રતિનીધીત્વ–** **બીજા પક્ષકાર તરફે કોઈ હાજર નથી.**
**પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિ.વ.શ્રી જે.એલ.દેસાઈ.**

**–એવોર્ડ–**

(૧) હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત પાટણનાએ તેમની કચેરીના તા.૦૬.૦૧.૨૦૧૫ નાં હુકમ નંબરઃ કેએચ /એસ/એચએમસી/ એજે/ આઈડીઆર/ ૧૮/૨૦૧૫ થી આઈ. ડી. એકટની કલમ–૧૦(૧) ની જોગવાઈ અનવ્યે ઊપસ્થિત કરી અનુસુચીમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઊપર ન્યાય નિર્ણય કરવા સારુ મજુર અદાલત–પાલનપુર ખાતે તબદીલ કરેલ છે.

**ઃ–અનુસુચિ–ઃ**

**શ્રી કનેરીયા પરસોત્તમભાઈ લક્ષ્મણભાઈ**ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) સદર કામે બીજા પક્ષકારને તેઓનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ. પરંતુ બીજા પક્ષકારને અદાલત તરફથી પુરતી તકો આપવા છતાં બીજા પક્ષકાર તરફે માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ નથી કે સુનાવણીનાં તબકકે નામદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી તેમજ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતાં બીજા પક્ષકારે તેઓને નોકરીમાંથી છુટા કર્યા તે અગાઊનાં ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે તે પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકાર કામદારની છે, પરંતુ આ કામની હકિકતો જોતા બીજા પક્ષકારને અદાલત તરફથી પુરતી તકો આપવા છતાં બીજા પક્ષકાર તરફે માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ નથી કે સુનાવણીનાં તબકકે નામદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારે તેઓને છુટા કર્યા અગાઊ ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે કે કેમ ? તે હકિકત મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે આંકઃ૦૮ થી બીજા પક્ષકારનાં માંગણાનાં નિવેદનનો હકક બંધ કરવાની અરજી આપવામાં આવેલ છે , જે આધારે પણ બીજા પક્ષકારનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, સદર કામે બીજા પક્ષકારની ગેરહાજરી જોતાં બીજા પક્ષકારને સદર કેસ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી. જેથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ્દ કરવાને પાત્ર થતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

(૧) આ કામનાં બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.પી.) નં.૦૩/૨૦૧૫ બીજા પક્ષકારની ગેરહાજરી અને પુરાવાનાં અભાવે રદ્દ કરવામાં આવે છે.

(૨) આ રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

પાલનપુર.
તા.૦૮.૦૫.૨૦૧૮

**(ઈશ્વરભાઈ જેઠાભાઈ મકવાણા)**
**પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ,**
**પાલનપુર.**
કોડ નં. જીજે૦૦૭૮૪